SPARE.

રાજયની સ્વનિર્ભર પીટીસી, સીપીએડ, ડીપીએડ
કોલેજોમાં હોસ્ટેલ ફીનું ધોરણ નકકી કરવાં બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ-ટીસીએમ-૧૪૦૧-૧૨૧૩-ન
સચિવાલય,ગાંધીનગર,
**તારીખઃ-** 17 MAY 2006

વંચાણે લીધાઃ-
(૧) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ-ટીસીએમ-૧૪૦૧-૨૬૫૫-ન તા.૨૧-૧-૦૨

**ઠરાવઃ-**

આમુખ ક્રમાંકઃ-૧ માં દર્શાવેલ શિક્ષણ વિભાગના તા.૨૧-૧-૦૨ ના ઠરાવથી રાજય સરકાર ધ્વારા સ્વનિર્ભર પી.ટી.સી. કોલેજોમાં હોસ્ટેલ ફી નું ધોરણ નકકી કરવામાં આવેલ હતુ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની તા.૨૭-૬-૨૦૦૫ ની દરખાસ્ત અન્વયે પી.ટી.સી. કોલેજોમાં હોસ્ટેલ ફી અંગે ચર્ચા કરવા સ્વનિર્ભર પીટીસી કોલેજ મંડળના વિવિધ હોદ્દેદારો સાથે નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની ઉપસ્થિતિમાં બેઠક રાખવામાં આવી હતી તેમજ આ બાબતે રાજય સરકાર ધ્વારા પુખ્ત વિચારણાને અંતે સ્વનિર્ભર પી.ટી.સી. , સી.પી.એડ. તથા ડી.પી.એડ. કોલેજોમાં હોસ્ટેલ ફી નું ધોરણ નકકી કરવા માટે નીચે મુજબની નીતિ આથી ઠરાવવામાં આવે છે :-

૧. હોસ્ટેલ માટે રાજય સરકાર કોઇ ફી નકકી ન કરે, પરંતુ આ માટેની ફી જે તે કોલેજમાં એક કમિટિની રચના કરીને તેના ધ્વારા નકકી કરવામાં આવે.
૨. આ કમિટિમાં સંસ્થાના બે પ્રતિનિધિ, વિદ્યાર્થીઓના બે પ્રતિનિધિ અને વાલીઓના બે પ્રતિનિધિ રાખવામાં આવે અને તેઓ સાથે મળીને આ માટેની ફી નકકી કરે.
૩. **દરેક સંસ્થાવાર હોસ્ટેલ માટેની જે ફી નકકી કરવામાં** આવે તેની વિગતો નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણને મોકલવામાં આવે અને આ ફી અંગેનો ઉલ્લેખ સંસ્થાઓમાં પ્રવેશ સમયે દરેક ને ધ્યાને નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ ધ્વારા મુકવામાં આવે, જેથી કરીને વિદ્યાર્થી તેને પોષાય તેવી સંસ્થામાં પ્રવેશ મેળવી શકે.
૪. કમિટિ ધ્વારા નકકી કરેલ ફી ઉપરાંત સંસ્થાએ હોસ્ટેલ ફી પેટે કોઇ વિશેષ રકમ લેવાની રહેશે નહી. જો આવી રકમ લેવામાં આવશે તો સંસ્થા સામે રાજય સરકાર ધ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ઉપર દર્શાવેલ હોસ્ટેલ ફી નું ધોરણ નકકી કરવા અંગેના નિયમો રાજયની તમામ સ્વનિર્ભર પી.ટી.સી., સી.પી.એડ., ડી.પી.એડ. કોલેજોની સંસ્થાઓને લાગુ પડશે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.**

Desai
**( જે. વી. દેસાઇ )**
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

(P.T.O.)